સુરત, આર્યમિત્ર મંડળના પ્રથમ લગ્ન વેળાએ વરયાત્રાને સ્વાગત કરનાર મંડળીના મંત્રી કુંવરજી મકનજી

ભાષણ.

॥ ओ३म् ॥

વરયાત્રાનું સ્વાગત.

सहनाववतु सहनौ भूनक्तु सह वीर्य्यं करवावहै तेजस्विना वधीतमस्तु मा विद्विषावहै ॥

હે સર્વશક્તિમાન ઇશ્વર! આપની કૃપા, રક્ષા તથા સહાય વડે અમે પરસ્પર એક બીજાની રક્ષા કરીએ. અમે સર્વ પરસ્પર પ્રીતિથી મળીને સર્વોત્તમ ઐશ્વર્ય અર્થાત્ ચક્રવર્તિ રાજ્યાદિ સામગ્રિના આનંદને આપતા અનુગ્રહથી ભોગવીએ. અમે એકબીજાના સામર્થ્યને પુરૂષાર્થ વડે વધારીએ. અમારૂં પઠનપાઠન સંસારમાં પ્રકાશીત થાઓ. અને અમારી વિદ્યા સદા વધતી રહો. આપ એવી કૃપા કરો કે જેથી અમે પરસ્પર વિરોધ ન કરતાં એકબીજાની સાથે મિત્રભાવથી રહીએ, અને આપની કરૂણાથી આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક વિવિધ તાપોના કલેશથી રહીત થઈએ.

સજ્જન સદ્‌ગૃહસ્થો માતાઓ અને ભગીનિઓ!

આજે આ સમયના શુભ, આનંદજનક અને મંગળ પ્રસંગને સંપૂર્ણ રીતે ફતેહમંદ બનાવવાના શુભ હેતુથી જે પ્રેમમય લાગણીથી આપ અત્રે બિરાજી આ મંડપને સુશોભિત કર્યો છે, તેને માટે અમે આપનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. આજના આ લગ્નોત્સવ સમારંભના શુભ કાર્ય નીમીત્તે આપ સર્વનું સ્વાગત સન્માન કરવાનું આનંદદાયક કાર્ય કન્યાપક્ષના સંરક્ષક તરફથી હમારા જેવા સેવકોને સોંપવામાં આવ્યું છે, કે જે કાર્યને માટે હમો પૂરા યોગ્ય નથી. જેથી આપની યોગ્યતા તથા આવશ્યક્તાને અનુકુળ સેવા ઉઠાવવામાં કાંઇપણ ન્યુનતા આવે તો તેને માટે અમે ક્ષમા ચાહીયે છીએ.

સજ્જનો! આ પ્રસંગે આપમાંના કોઇને શંકા થશે કે આજનું જે મુખ્ય અને મહત્ત્વનું કાર્ય લગ્ન સંસ્કાર તેની શરૂઆત કરવાને બદલે

આ નવીન પ્રકારની શરૂઆતની શી જરૂર પડી ? તેના ખુલાસા માટે એટલું જણાવવાની જરૂર જે કે, આ લગ્ન માટે લોકોમાં અનેક તરેહના ભ્રમમૂલક ગપાટા ચાલી રહેલા છે. તે એવી રીતે કે, "એ તો આર્ય સમાજની રૂઢીએ લગ્ન થવાનાં, એ તો માયદેવ માંડવાના નહિ, એ તો તંઓળ નાંખ્યા વિનાજ પરણવાના; અરે એટલુંજ નહિ પરંતુ દીલગીર થવા જેવું છે કે કેટલીક તરફથી એમ પણ કહેવામાં આવ્યું છે કે એતો મુસલમાન અને સાહેબ લોકોની રીતે લગ્ન થવાના " વીગેરે વીગેરે અનેક ઉદ્દગારો આજ દરમ્યાન ચાલી રહ્યા છે. હવે એમાં કેટલી સત્યતા છે અને યથાર્થ હકીકત શી છે, તે પ્રત્યક્ષ અનુભવવાનો પ્રસંગ આપને મળ્યો છે, તો તે બાબત આજનો આ પવિત્ર વૈદિક લગ્નસંસ્કાર વિદ્વાન પંડિતો સમક્ષ શરૂ થાય ને પહેલાં વૈદિકવિવાહ સંબંધી ખુલાસો કરવાની હમો રજા લઇએ છીએ. તો તે માટે આપને આપનો સમય ગુમાવવો પડે તો તે માટે ક્ષમા ચાહીએ છીએ.

સદ્દગૃહસ્થો ! આપણે સર્વે આદિ સૃષ્ટિમાં પરમ પિતા પરમાત્માએ પ્રદર્શિત કરેલા વેદધર્મને માનનારી એક પવિત્ર આર્ય મહાપ્રજાની ઓલાદ છીએ, કે જે મહાપ્રજા એક સમયે પોતાની શારીરિક, આત્મિક, અને સામાજીક સ્થિતિમાં સમગ્ર દુનિયામાં આદર્શરૂપ અને ઉન્નતિના શિખરપર હતી. ભૂગોળમાં વર્તમાન સમય સુધીમાં જેટલી વિદ્યા પ્રચલીત થઇ છે, તે સર્વનું આદિ મૂલ અને ગુરૂ આપણો પરમ પ્રાચિન આર્યાવર્ત્ત છે. એ પ્રાચિન ઇતિહાસનું અવલોકન કરનારા નિષ્પક્ષપાત નિરીક્ષકોને માલુમ પડયા વિના રહી શકતું નથી, અરે એટલુંજ નહિ પરંતુ આપણી તે પ્રાચિન શિક્ષા, સભ્યતા કેવા ઉંચ આદર્શ ઉપર હતી અને હજી પણ તે કેટલી આદરણીય છે, તેની સાબીતી માટે જર્મન દેશનિવાસી તત્વવેત્તા પ્રાચિન સંસ્કૃતવિદ્યાના અથાક અભ્યાસી મહાનુભાવ પંડિત મેક્ષમૂલરનાં અંતિમ સમયનાં વચનો આપણને પૂરતી ખાતરી આપે છે. તે પંડિત પ્રાચિન ભારતની શિક્ષા અને સભ્યતા ઉપર એટલા મોહિત હતા કે મરતી વખતે તેઓએ જણાવ્યું હતું કે "હે પરમાત્મા મને ફરી જન્મ આપે તો ભારતવર્ષ દેશમાંજ આપજે."

જે દેશની અસલ સ્થિતિ ઉપર પ્રમાણેની હતી તેજ દેશ આજે દરેક પ્રકારની સ્થિતિમાં તદન અધોગતિમાં અને પાયમાલ દશામાં આવી રહ્યો છે. આજે આપણી ધાર્મિક સ્થિતિ તરફ નજર કરીશું તો ઢંગી,

સામાજીક સ્થિતિ તરફ જોઈશું તો છિન્નભિન્ન, ઔદ્યોગીક દશા નિહાળીશું તો ખેદ થયા વિના રહેતો નથી કે દેશના એક મોટા ભાગને પેટ પૂરતું અનાજ પણ મળતું નથી. એટલુંજ નહિ પરંતુ દુનિયાના બીજા દેશોમાં બીલકુલ પ્રતિષ્ઠા નથી અને જ્યાં જાય ત્યાં કુતરાંની પેઠે હુડધુત થાય છે.

મિત્રો ! આપણી આવી દુર્દશા અને અધોગતિ થવાનું કારણ શું ? કારણ બીજું કાંઈજ નહિ પણ પરમ પિતા પરમાત્માની આજ્ઞાનું ઉલંઘન કરીને તે મહાન્ પિતાએ આપણા કલ્યાણને માટે પ્રકાશિત કરેલા વેદ માર્ગનો ત્યાગ, અને તેને સ્થાને અવૈદિક માર્ગનું શરણ લીધું તે છે. આપણો સંસાર સુખરૂપ ચાલવાને માટે આપણા ઋષિમુનિઓ વૈદિક ધર્મને અનુકુળ જે પવિત્ર નિયમો બનાવી ગયા છે, કે જે ધર્મશાસ્ત્રના નામથી પ્રસિદ્ધ છે, તે નિયમોને તજી દેવાથી ઉપર જણાવ્યા પ્રમાણે આપણી અધોગતિ થઇ છે. પ્રાચિન સમયમાં બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શૂદ્ર એવી માત્ર ચાર વર્ણો મનુષ્યના ગુણકર્મ સ્વભાવ પ્રમાણે મનાતી હતી અને તે વર્ણોની અંદર ભોજન તેમજ કન્યા વહેવાર એક સરખો યોગ્યતા પ્રમાણે ચાલતો હતો, તેને ઠેકાણે આજે હજારો ન્યાતો અને પેટા ન્યાતોના જુદા જુદા વાડાઓ બંધાઈ ગયા છે. પ્રત્યેક વાડાવાળા એક બીજા કરતાં પોતાને ચઢતા સમજે છે, બ્રાહ્મણો જે ચારે વર્ણોમાં શ્રેષ્ટ ગણાતા હતા, અને वर्णानाम् ब्राह्मणा श्रेष्ठाः वर्णानाम् ब्राह्मणोगुरुः તરીકે ઉચ્ચ પદને પામેલા હતા, અને જેની વિદ્યા, બુદ્ધિ અને તપોબળ આગળ મોટા મોટા રાજા મહારાજાઓ શિર ઝુકાવતા હતા, તે બ્રાહ્મણોની આજે કેવી અધમ દશા છે, તે કોઇને પણ અજાણ્યું નથી.

મહાભારતના ઘોર સંગ્રામ બાદ દેશની પડતીનો આરંભ થયો. સમગ્ર દેશનું એક ચક્રવર્તિ સામ્રાજ્ય પડી ભાંગ્યું અને તેને સ્થાને અવિદ્યા અને કુસંપને લીધે અનેક નાનાં નાનાં રાજ્યો થયાં. એક વેદ ધર્મને બદલે અનેક મત મતાંતરના ફાંટા ચાલુ થયા. એક દેવ વાણી સંસ્કૃતને ભાષાને બદલે હજારો ભાષાઓ થઇ. અને એક અખંડ આર્યજાતિને બદલે આજે આપણે જોઇએ છીએ તેવી હજારો ન્યાતિઓ થઇ. અને પ્રત્યેક ન્યાતિ પોતાના અસલી વેદ ધર્મને છોડી પોતપોતાને ફાવે તેમ સ્વછંદતાથી સંસારિક રીત રીવાજો તેમજ ધર્મ સંબંધમાં વર્તતી ગઇ.

આવી રીતે જયારે અધર્મ અવિદ્યા અને કુસંપને લીધે આ દેશની ચારે બાજુથી પડતી દશા આવી લાગી. તેનું પરિણામ એ થયું કે પર-

દેશી યવન-મુસલમાનોનો રાજ્યાધિકાર થયો, અને તેઓનો અસહ્ય જુલમ, અત્યાચાર, અભક્ષ્યાભક્ષ્ય, અપાનપેય વીગેરે નીંદીત કુવ્યવહારોને લીધે સમગ્ર દેશની અંદર દરેક વર્ણનો જે સળંગ વહેવાર હતો તે બંધ થઈ ગયો, અને તેને ઠેકાણે દરેક પ્રાંત, જીલ્લા અને પરગણાંવાર જ્યાં સુધી એક બીજાને ઓળખી શકે તેટલાજ સમૂહની અંદર ભોજન તેમજ કન્યા આપવા લેવાનો વ્હેવાર રાખવાનું ઠર્યું. અસલ જેમ દક્ષિણનો બ્રાહ્મણ પંજાબના બ્રાહ્મણ સાથે, મદ્રાસનો બ્રાહ્મણ મધ્યપ્રાંતના બ્રાહ્મણ સાથે, કે ગુજરાતના બ્રાહ્મણ બંગાળના બ્રાહ્મણ સાથે ભોજન તેમજ લગ્ન વહેવાર રાખતા હતા તેને ઠેકાણે ઉપર મુજબ દશ દશ કે વીશ વીશ ગાઉમાંજ પોતાના નાના નાના વાડા બનાવીને એક બીજાને જાણી કે ઓળખી શકે તેટલામાંજ ઉક્ત વહેવાર ચાલુ રાખવાનું શરૂં થયું. ન્યાતિ શબ્દજ આપણને ઉપર જણાવેલી હકીકતનું સ્પષ્ટ ભાન કરાવે છે. જ્ઞા ધાતુ ઉપરથી જ્ઞાતિ શબ્દ થયો છે. જ્ઞા એટલે જાણવું-ઓળખવું અર્થાત્ એક બીજાને ચોક્કસ જાણી શકનારો સમૂહ તે જ્ઞાતિ એમ ઠર્યું.

દાખલા તરીકે મેવાડના બ્રાહ્મણ તે મેવાડા, કનોજના તે કનોજીઆ, મોતાના બ્રાહ્મણ તે મોતાળા, અને મોઢેરા ગામથી આવેલા તે મોઢ વીગેરે વીગેરે.

આપણા ધર્મશાસ્ત્રકારોએ, મનુષ્ય જાતિના કલ્યાણને માટે જન્મથી તે મૃત્યુ પર્યંત સોળ પ્રકારના સંસ્કાર ઠરાવેલા છે. હવે એ સોળ સંસ્કારો પૈકીનો એક વિવાહસંસ્કાર છે. મનુષ્ય સમાજનું બંધારણ-તેની મર્યાદા નિયમ પૂર્વક જળવાઈ રહેવા, મનુષ્યોના પરસ્પર હક્કોનું રક્ષણ થવા, વિપત્તિમાં એક બીજાને સહાયભૂત થવા, ન્યાય નીતિ સદાચરણ વીગેરેનું પાલન કરી ધર્મમર્યાદાને અનુકુળ પ્રજાત્પત્તિ કરી સૃષ્ટિની અંદર નિર્દોષ સુખમય જીવન ગાળવા એ સંસ્કાર યોજેલો છે. બાળપણમાં બ્રહ્મચર્ય દિક્ષા લઇ યોગ્ય વિદ્યાભ્યાસ કરીને તરૂણાવસ્થા પ્રાપ્ત થાય ત્યારે સ્ત્રી અને પુરૂષે પોતાના ગુણ કર્મ સ્વભાવ અનુકુળ આવે તેવી રીતે સ્વેચ્છાપૂર્વક ધાર્મિક વિદ્વાનોની સમક્ષ પરમાત્માની પ્રાર્થના કરીને ગૃહસ્થાશ્રમને ભોગવવાને માટે પોતાના જીવનને જોડવાની પ્રતિજ્ઞા કરવી, એનું નામ વિવાહ અગર લગ્ન સંસ્કાર રાખવામાં આવેલું છે. લગ્નનો ખરો સમય મહર્ષિ મનુભગવાનના કથન પ્રમાણે નીચે મુજબ છે:—

कामममामर्णातिष्ठेद् गृहे कन्यर्तुमत्यपि । न चैवैनाम्रु प्रयच्छेत्तु गुणहनिाय कर्हिचित् ।। त्रिाणि वर्षाण्यु दीक्षेत कुमार्यृतु मति सति मुध्र्वंतु कालादेत स्माद्विन्देतसदृशंपतिम् ।।

અર્થાત્ કન્યા ચાહે મરણુ પર્યંત પોતાના પિતાને ઘેર કુંવારી રહે પરંતુ ગુણહીન–પોતાના ગુણુ કર્મ સ્વભાવથી વિપરીત વર સાથે વિવાહ કદાપી ન કરે. કન્યાએ રજસ્વલા થયા બાદ ત્રણુ વર્ષ પછી ચોથા વર્ષમાં પોતાના ગુણુ કર્મ સ્વભાવને અનુકુળ વિવાહ કરવો. ઉપરનાં પવિત્ર ફરમાનનો અનાદર કરી આપણે બાળક અને બાળકીઓનાં લગ્ન કરવાની અવૈદિક, અધર્મ્ય, ભ્રષ્ટ રૂઢી અંગીકાર કરી ત્યારથી આપણી શારીરિક, આત્મિક, અને સામાજીક અધોગતિ અને અવદશાનો પાર રહ્યો નથી.

બ્રહ્મચર્યાશ્રમ જે સર્વ સુખનું મૂળ છે અને ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સન્યસ્તાશ્રમને દ્દઢિભૂત કરવાનો મજબુત પાયો છે, તેને જડમૂળથી નાશ કરીને આજે આપણે વર્તમાન સમયમાં આપણી ભાવિ પ્રજાનું કેટલું અકલ્યાણુ કરી રહ્યા છીએ તે પ્રત્યક્ષ છે. शरीरमाद्यंखलु धर्म साधनम् । ધર્મને સાધ્ય કરવાનું પ્રથમ સાધન જે શરીર તેની આપણા માનનીય આયુર્વેદાચાર્ય નીચે મુજબ અવસ્થા જણાવે છે.

चतस्रोऽवस्था शरीरस्य वृद्धिर्यौवनम् संपूर्णता किंचित् परिहाणि श्चेति ।। आषोडशाद् वृद्धि राचतुर्विंशतैर्यौवनमाचत्वारिंशतः सम्पूर्णता ततः किंचित्परिहाणि श्चेति ।।

અર્થાત્ શરીરની ચાર અવસ્થા છે. વૃદ્ધી, યૌવન, સંપૂર્ણુતા અને હાનિ. સોળ વર્ષ સુધી વૃદ્ધી ' ચોવીશ વર્ષે યૌવન ', ચાળીશ વર્ષ સુધી સંપૂર્ણુતા અને તે પછી હાનિ થાય છે. ઉપર મુજબ શરીરની જે વખતે વૃદ્ધીનો સમય તે વખતે તેનો ક્ષય કરવાના ઉપાયો યોજીએ છીએ. આવાં આવાં અનેક પ્રમાણો આપણા શાસ્ત્રની અંદર આપેલાં છે. પણુ સમય સંકોચને લીધે તે મુલ્તવી રાખી પ્રાચિન કાળમાં કેવા કુળમાં લગ્ન કરવામાં આવતાં તે વિષય ઉપર આવીએ.

तपोदमोब्रह्मवित्तंवितानः पुण्याविवाहाः सततान्नदानम् । ष्वेवैते सप्तगुणा वसन्ति सम्यग्वृत्तास्तानि महाकुलानि ।। येषांनवृत्तम्

व्यवतेन यो निश्चित्त प्रसादे न चरति धर्मम्। ये कीर्ति मिच्छान्ति कुलेविशिष्टाम् । त्यक्तानृतस्तानि महा कुलानि ॥ न कुलं वृत्तहीनस्य प्रमाणमिति मे मतिः । अंत्यजेष्वपि जातानाम् वृत्तमेव विशिष्यते ॥ सत्ये न रक्ष्यते धर्मो विद्या योगेन रक्षते । मृजयारक्ष्यतेरुपं कुलम् वृत्तेनरक्ष्यते ॥

गोभिः पशुभिः रथैश्च कृष्या च सुसमृद्धया । कुलानि न प्ररोहन्ति यानि हीनानि वृत्ततः॥ वृत्ततस्त्व विहीनानि कुलान्यलय धनान्यपि । कुलसंख्या च गछंति कर्षन्ति च महद्यशः ॥ देव द्रव्यविनाशेन ब्रह्मस्वहरणेन च कुलान्य कुलतायान्ति ब्राह्मणातिक्रमेण च।

कुलम्शीलेन धार्यते ।

તપ અને દમ એટલે ઇંદ્રિયને અસત્ય કર્મથી હઠાવી સત્કર્મ તરફ વાળવાપણું, ઈશ્વરના ગુણુકર્મ સ્વભાવને યથાર્થ જ્ઞાનદ્વારા જાણી તેની ભક્તિમાં હમેશ લીન રહેવાપણું, ધર્માનુંકૂળ દ્રવ્યનો સંચય, ધર્મશાસ્ત્રની આજ્ઞા મુજબ પુત્ર આદિનાં લગ્ન કરવાં; અનાથ–ક્ષુધાપિડીતોને નિરંતર અન્નદાન કરવું, એ સાત ગુણ જે કુટુંબમાં હોય તેનું કુળ મોટું કહેવું.(૧)

જેનું ધર્માચરણ મલીન થનું નથી, મનની પ્રસન્નતા પ્રમાણે જે ધર્મ આચરે છે, કુટુંબમાં પહેલાં થઇ ગયેલાઓની કીર્તિ કરતાં વિશેષ કીર્તિ સંપાદન કરવાને ઇચ્છે છે અને જેઓએ અનૃત એટલે જુઠું બોલવાનું ત્યાગેલું છે, તેને મહાકુલીન કહેવો. (૨)

જે સદાચરણથી હીન છે, તેનું કુલીનપણું બુદ્ધિ કબુલ કરતી નથી. પરંતુ અતિ નીચ જાતમાં જન્મેલો હોય પણ સદાચરણી હોય તો તે યોગ્ય કુલીન છે. (૩)

સત્યથી ધર્મનું રક્ષણ થાય છે. અભ્યાસથી વિદ્યાનું રક્ષણ થાય છે. સ્વચ્છતાથી રૂપનું રક્ષણ થાય છે અને સદાચરણથી કુલનું રક્ષણ થાય છે. (૪)

ઢોર, ઘોડા, ગાય, ખેતીવાડી અને સમૃદ્ધિવડે ભરપૂર હોય પરંતુ સદાચરણી ન હોય તો તે કુળોવૃદ્ધિ પામતાં નથી. (૫)

સદાચરણથી રહીત નથી એવા કુળમાં કવચીત્ ધન ન હોય તો પણ તેની કુલીનમાં ગણના થાય છે અને તે મોટી કીર્તિ પ્રાપ્ત કરે છે.(૬)

જે વિદ્વાનોનું અથવા બ્રહ્મજ્ઞાનિઓનું દ્રવ્ય ખાઇ જાય અથવા ચોરી લે, તેમજ તેવા જ્ઞાની પુરૂષનું અપમાન કરે, તો તેનું કુળવાનપણું નાશ પામે છે. (૭) એ સિવાય

विद्याविधिविहीनेन किं कुलीनेन देहिना ।
अकुलीनापि विद्वर्यो देवतैरपि पूज्यते ॥

વિદ્યાથી રહીત કુલવાન ગણાતો નથી, અકુલીન હોય પણ તે વિદ્વાન હોય તો તે વિદ્વાનોમાં માન પામે છે.

मुनीनांदशसाहस्रम्योऽन्नदानादि पोषणात् ।
अध्यापयति विप्रर्षिः स वै कुलपतिस्मृतः ॥

જે દશ હજાર મનુષ્યોનું અન્નદાનથી પોષણ કરી બ્રાહ્મણોને ભણાવે તેને સ્મૃતિ કુલપતિ કહે છે.

कुलानामाकरो नास्ति ह्यकुलिनां च भारत ।
विद्यया तपसा वापि धनेन धार्यते कुलम् ॥

કૃષ્ણ કહે છે કે હે અર્જુન! કુલની કાંઈ ખાણો નથી પણ તે વિદ્યા તપ અને ધનથી ધારણ કરાય છે. આવી રીતે કુળની શાસ્ત્રીય વ્યાખ્યાને લક્ષમાં રાખીને લગ્ન સંબંધ થતા હતા, તેથી મનુષ્ય સમાજ સ્વર્ગીય સુખનો અનુભવ કરતો હતો. ઉપર પ્રમાણે મનાતાં ખરેખરાં કુળો સાથે સંબંધ કરવાનુ તજી દઇને હાલમાં મનાતાં કુસંસ્કારી, અશાસ્ત્રીય કુળો સાથે સંબંધ થવાં લાગ્યો તેને પરિણામે હિંદુસંસાર અરે એ... પ્રાચિન પવિત્ર આર્યમહાજાતિની ઓલાદ ત્રાહિમામ્ પૂકારી રહી છે. તે બાબત અત્રે થોડો ચિતાર આપવા રજા લઇએ છીએ. અસલ જે લોકો ઉપર જણાવેલા શ્રેષ્ઠ આચારવિચાર અને સદ્ગુણવાળા હતા તેની ઓલાદ આજે તેવા ગુણોથી રહિત થઈ નબળી સ્થિતિએ પહોંચી, છાકટા, પીધેલ, માંસાહારી, જુગારી, કુવ્યસની, અધર્માચરણી, પ્રપંચી, અપ્રમાણિક, લુચ્ચા,

અસત્યવાદી, દગાખોર, હરામખાઉ, વિદ્યાવિમુખ, મૂર્ખ, દરિદ્રિ, મિથ્યાભિમાની વીગેરે વીગેરે કુલક્ષણોવાળી થઈ, છતાં પણ તેને કુલીન ગણીને પૂજવાનું ચાલુજ રહ્યું ! અને પૂર્વે જેઓ ઉપર બતાવેલા સદ્‌ગુણોથી રહિત હતા, પરંતુ તેમની ઓલાદે શ્રેષ્ટ સદ્‌ગુણો સંપાદન કરી શાસ્ત્રીય કુલીનતા મેળવી તે છતાં તેમની ગણના શ્રેષ્ઠ કુલોમાં થતી નથી. એટલે કે પ્રથમ જે ગુણ કર્મ સ્વભાવ ઉપર કુલીનપણું ગણાતું હતું તે અજે વીર્ય, ગર્ભ, જન્મ ઉપરથી ગણાવવા લાગ્યુ, જેથી વૈદિક કાળમાં જેમ ગુણ કર્મથી જાતિ ગણાતી હતી તે પાછળથી વર્તમાન કાળમાં જન્મથી ગણાવાથી મહાન હાનિ થઇ છે. તેવીજ રીતે કુળની બાબતમાં પણ થયું છે. સત્ય કુલાભિમાન ને બદલે મિથ્યાકુલાભિમાન અગ્રસ્થાન ભોગવે છે. જ્ઞાતિની અંદર હાલમાં જે અનેક નઠારા નઠારા રિવાજો ચાલે છે તે સર્વનું પ્રધાન કારણ મિથ્યાકુલાભિમાન છે. એ મિથ્યાકુળાભિમાનની શરૂઆત શી રીતે થઇ તે નીચે પ્રમાણે;—

(૧) જેઓને રાજ્ય તરફથી સન્માન મળ્યું, તેઓ શ્રેષ્ટ કુલીન ગણાવા લાગ્યા, જેવા કે રાજ્યમાં શાસ્ત્રી. વેદીઆ, જોશી, પુરાણી, યાજ્ઞીક ન્યાયાધિશ, પુરોહિત, પંડિત, ચાતુર્વેદિ, દ્વિવેદી, વેદિ, વ્યાસ, અગ્નિહોત્રી, પાઠી, ધનપાઠી, કર્મકાંડી, ગ્રામાધ્યક્ષ, પૂજારી, ગુરૂ, ગોર, અધ્યાપક ઉપાધ્યાય, અધ્વર્યુ, મહેતાજી, કવિ, વિદ્વાન, મુત્સદિ, કોશાધ્યક્ષ, હિસાબી કામ તપાસનાર, સેનાધ્યક્ષ, રાજ્યના સલાહકાર, પ્રધાન વીગેરે પદને યોગ્ય વિદ્યા સંપાદન કરી સન્માન પામી, રોકડ વર્ષાસન, જાગિરી, ગામ, ગીરાસ, જમીન, આબરૂ, ઈજ્જત પામી, સમૃદ્ધ થયેલા પુરૂષો વંશપરંપરાના હકો મેળવી શ્રેષ્ઠકુલીન ગણાયલા,

(૨) લોકોમાં વિદ્યાધન પ્રાપ્ત કરીને અથવા સદાચરણ કે ધર્માચરણ પરોપકાર વિગેરે કરી કુલીન કહેવાયા.

(૩)ન્યાતની પટેલાઇ શેઠાઈ, કારભાર વિગેરે કરી તેના ભાર વક્કર થી કુલીન થયલા.

(૪) બહોળા કુટુંબના જથાવાળા પણ શ્રેષ્ઠ ગણાયલા. કેમકે વધારે જથાને લીધે ન્યાતમાં તેમની વાત ખેંચાઇ, જેથી તેઓનું વજન પડીને કુલીનમાં ગણાયલા.

(૫) જેઓએ સારા સારા મોટા મોટા વરા કરીને જશ મેળવેલો તેઓ કુલીન ગણાયલા.

(૬) જેઓએ સારે ધંધે રોજગારે લાગી ધન અને સન્માન પામી ઘણા નાતિલાને ધંધે રોજગારે ઠેકાણે પાડેલા તેઓ કુલીન ગણાયલા.

(૭) જેઓ ઉચ્ચ ગણાતા કુળમાં કન્યા આપી ખૂબ પહેરામણી વાંકડા વીગેરે આપી લગનમાં ગૌરવ વિદાયગીરીમાં સારા પૈસા આપી વરા કરી નામના મેળવેલી તેઓ કુલીનમાં ગણાયલા.

(૮) જેઓએ નાતમાં લહાણું આપી બ્રહ્મભોજન કરાવી મોટી દક્ષિણા વહેચેલી તેઓ કુલીન ગણાયલા.

(૯) જે કુટુંબનાં સ્ત્રી પુરૂષો સામા મનુષ્યનાં મનહરણ કરનારાં, મીઠી ભાષા વાપરી શ્રેષ્ઠ કુલની કન્યા મેળવવામાં ઉસ્તાદ નીવડયાં, પછી તે કન્યાની પ્રજાને ઢાંકવાને શ્રેષ્ઠ કુલીનોએ તેમની શ્રેષ્ઠમાં ગણના કરી, તેથી કુલીન ગણાયલા.

(૧૦) જેઓએ મોટા યજ્ઞયાગાદિક હોમહવન કરી કરાવી નામના મેળવેલી તેઓ કુલીન ગણાયલા.

(૧૧) જેઓએ હલકા ધંધા છોડી ઉંચા ધંધા કરી દ્રવ્ય મેળવ્યું તેઓ કુલીન ગણાયલા.

(૧૨) જેમણે દ્રવ્ય મેળવ્યું અને પૂર્વે જે કુલીન ગણાતા તેમને દ્રવ્યનો આશ્રય આપ્યો તેથી તેઓની કુલીનમાં ગણના કરેલી.

(૧૩) જેઓની જાથુકની કાંઇ પેદાશ બંધાઇ તેઓ કુલીન ગણાયલા.

(૧૪) જેઓએ રાજ્યને વફાદાર રહી યુદ્ધવિદ્યા સંપાદન કરી લડાઇમાં મોટી નામના મેળવેલી અગર રાજકારભાર કરી રાજ્યની પ્રસન્નતા મેળવી જમીન વીગેરે કાયમની બક્ષિસ રાજ્ય તરફથી મેળવેલી તેથી કુલીન ગણાયલા.

આવી રીતે દેશના એક છેડાથી બીજા છેડા સૂધી દરેક ન્યાતિમાં કુલીનતાની માન્યતા દ્રઢ થવા પામી. અલબત જે લોકોએ પ્રથમ ઉપર મુજબના ગુણો મેળવીને તેવી લાયકાત પ્રાપ્ત કરી તે માટે પોતાના સમયમાં તેઓ તેવા પદને યોગ્ય હતા; પરંતુ તેઓના અવસાન બાદ સમયના વહેવા સાથે તેઓના વંશજો અગર તેની ઓલાદમાં તેવી યોગ્યતા ન હોવા છતાં તેવો ફાંકો અગર મિથ્યાભિમાન કાયમ રહ્યું. સાપ ગયા અને લીસોટા કાયમ રહ્યા અને જન સાધારણે પણ તે લીસોટાને પણ ખરા સાપ માનવા ચાલુ રાખી તેનાથી ભય પામતા રહી તેવા કલ્પિત નાગ દેવતાની

પૂજા કરતા રહ્યા. આમ થવાથી હરામખોરી, આળસ, નીરૂદ્યમી પણું. અવિદ્યા, અપ્રમાણિકપણું, વીગેરે અનેક દુર્ગુણોને ઉત્તેજન મળ્યું; જેથી ખરેખરા સદાચરણી, પ્રમાણિક, વિદ્વાન પુરૂષાર્થિ, ધાર્મિક, ઉદ્યોગી અર્થાત્ ખરી રીતે કુલીન ગણાવાને યોગ્ય વર્ગને અન્યાય મળતો રહ્યો. અને તેથી પરિણામે દેશમાં તેવા સદ્દગુણી મનુષ્યોની વૃદ્ધિ થયાને બદલે દુર્ગુણીઓની ખાણુ ઉભરાઇ જવા લાગી. અસલના કુલીનો સારા મોટા ગામ કે કસ્બામાં ધંધારોજગારને માટે જથાબંધ રહેલા અને વિદ્યા, ધન, વગવશીલા, આબરૂ, ઘરબાર વીગેરેથી સુખી તેથી બીજા માણસોએ પોતાની છોકરીઓ સુખ ભોગવે એવી મતલબથી તેમને કન્યાઓ વિશેષ આપવા માંડી, જેથી માગાં ઉપર માગાં કુલીનોને ઘેર આવવા લાગ્યાં એટલે તેઓ લોભમાં પડયા અને કન્યા ઉપરાંત રોકડ રેકમો તેમજ અન્ય સાહિત્ય વીગેરે મનમાનતું લેવા માંડયું. જેને પાછળથી વાંકડો પહેરામણી, ઘર ધામણું વીગેરે નામ આપવામાં આવ્યું. પ્રથમ જે યોગ્ય કુલીનતાને અનુસરીં પોતાની યોગ્યતાને માન મળતું હતું તેને ઠેકાણે મિથ્યા કુલાભિમાન ઉત્પન્ન થઇ વર વિક્રયનો મહાન્ અનર્થકારક રિવાજ ચાલુ થયો. જેમ જેમ મિથ્યાકુલીનોને ત્યાં કન્યા, ધન, માન વીગેરે અયોગ્ય રીતે મળતું ગયું, તેમ તેમ તેઓ વિદ્યાભ્યાસ અને સારા ધંધારોજગાર કરવાનું છોડી આળસુ અને પ્રમાદિ થતા ગયા. અને વિષયમાં પડી લગ્ન શરૂ કીધાં. પ્રથમ જે યથાર્થ ગુણ કર્મ સ્વભાવ ઉપર કુલીનતા ગણાયલી તેનાથી ઉલટા ગુણવાળા વંશજોના ધલપીલ ખોળીને સામાન્ય લોકોએ કન્યા અને વાંકડો વીગેરે આપવાનો દરોડો પાડી કુલાભિમાનની અંધારી બાંધી પોતે અંધ બન્યા અને તેઓને આંધળા બનાવ્યા. તેજ અંધ પરંપરા હાલ ચાલી જાય છે. તે એવી રીતે કે ફલાણો તો પેઢીવાળાનો પિત્રાઇ, ફલાણો તો ખડકીની ચોથી પેઢીનો, ફલાણો તો અમીનનો ઓરમાન દોહીત્ર, ને ફલાણો તો અમુક ત્રવાડીના ભત્રીજાનો દીકરો, આ પ્રમાણે દરેક ન્યાતિમાં ઉંચાનીચાના ખોટા ભેદને ઉત્તેજન મળ્યા કરે છે-મળતું રહે છે. આવી રીતે "પેટમાં પુંભડું પાણી નહિ ઔર મેરા નામ દરિયાવખાં" જેવા નમુનાઓને ખોળીને એક જીવતી ઉપર બીજી અને બીજી પર ત્રીજી આમ કન્યાઓ આપવા માંડી. ભુખડી માબાપો નાના છોકરાઓનો વાંકડો પહેરામણી વીગેરે ખાઇને આળસુ પડી રહે તેથી દળદર વધતું જાય અને ભાઇ મોટા થાય ત્યારે ઘરમાં બાર હાથનો વાંસ ફરતો હોય તે જોઇને ફરીથી પરણવા તૈયાર થાય. અને કોઇ ફરીથી

કન્યા આપવા તૈયાર થાય તો પોતે પણ હરામનું ખાઇને તાગડધીના કરે અને ધંધા રોજગારને નામે આરતી ધંધો કાંઇ સુજે નહિ. સુજે ફક્ત એટલું કે કન્યાના વાલીઓ તરફથી કેવી રીતે પૈસા અને અનેક તરેહના લાગા વસુલ કરવા. જ્યારથી વિવાહ નક્કી થાય ત્યારથી પોતે એક ઉમરાવજાદા અને કન્યાના વાલીઓ ગુલામ કરતાં પણ નીચા જાન પાદરે આવે ત્યાંથી બાળવરના વાલીઓની અમીરાઈ શરૂ થાય છે. વરમાતા માથે મછોટી બાંધી નાકમાં નાથ પહેરી હાથમાં રામણું દીવો ઝાલી વહે-વાઇને પાદરે જાનરણીઓ સહિત ઉતરે છે ત્યારે આસ્માન ફક્ત બે તસુ વેગળું રહેછે અને પાદરે આવે ત્યારથીજ પોતાની મોટાઇનાં ગીતો ગાવાં શરૂ થાય છે. તે એવી રીતે કે:—'મારા વેવાઇની શેરી સાંકડી મચકારો જાનૈયાનો ન માય, ઝાલરવહુની નણંદને ઝુમણાં,' આવી રીતે વેવાઇ વેવણથી માંડીને જાનૈયાનો પણ મચકારો માતો નથી. અને જે વ્હેવાઇ સાથે સાત પેઢીનો સંબંધ બાંધી જ્યાં ગાઢ સ્નેહ-પ્રેમ ઉભરાવો જોઇએ ત્યાં કલેશ અશાંતિ અને કજીઆનું મંગલાચરણ શરૂ થાય છે. તે અસવો-કસવો જાન આદરણી થાય, ઘરેણું ચઢાવે, વરઘોડો આવે, માયરૂં બેસે, અને ઉઠે ત્યાં સુધીમાં, તે પછી બીજે દિવસે ધુપેલ લેવા જાય, ગોરવ ખાવા જાય, અને કવચિત્ જાન વારી રાખે. તે પછી વિદાય થાય ત્યાં સુધીમાં અનેક પ્રકારના લાગા કન્યાના વાલીઓ પાસે લેવામાં આવે છે, અને તેમાં જો કાંઇ જરાપણ વાંધો આવે તો લડાઇનું પ્રકરણ શરૂ થાય છે. એક બીજાને એવાં મ્હેણાંટોણાં મારે છે કે તેથી જીંદગી પર્યંતનું વૈમનસ્ય અને વિરોધની ગાંઠ સાત પેઢીના સગાઓ વચ્ચે બંધાય છે, લગ્ન થઇ જાન ઘેર આવ્યા બાદ પણું દશ્યાંની, વિદાયગીરી, દિવાળી, હોળી, બળેવી વીગેરેનાં ખાવાં કે પછી સુપડાં, સવસરવાસા વીગેરે અનેક પ્રસંગોએ અનેક પ્રકારના લાગા જેમ ફાવે તેમ કનડીને લેવામાં આવેછે, એટલુંજ નહિ પરંતુ વરની માતાએ પુત્રને જન્મ આપેલો તે વખતની ખાધ ખોરાકી અને બિછાનાની કામળને નિમિત્તે પણ લાગા લેવાય છો તેમાં કંઇ પણ ખામી તો પડેજ એટલે બિચારી છોકરીના દુખનો પાર રહેતો નથી. આ સઘળાં દુઃખ અને ઉપાધિનું મુખ્ય કારણ વાંકડા પદ્ધતિ અને મિથ્યા કુલાભિમાન છે. અને એજ કુલાભિમાનના પ્રતાપને લીધે કેટલી છોકરી-ઓના બાપ આપઘાત કરીને મરણ પામવાના દાખલા બનેલા છે. પાછલા એક વર્ષની મુદતમાં બંગાળામાં સ્નેહલતા અને બીજી અનેક કન્યાઓ માબાપના દુઃખનો વિચાર કરીને કપડાં ઉપર આસતેલ છાંટીને

બળી મુછ છે. અને એવી હજારો બાળાઓ કુલીનપણાના અંગારમાં હોમાઇને નિરંતર શેકાય છે. તથા પોતાના વાલીઓને એવા અનર્થકારક કુરિવાજને વળગી રહેવા માટે નીચે મુજબ શાપ અગર ઠપકો આપે છે.

"અરે પિતા ભાઈ ઓ માહરા શુદ્ધિ કયાં ગઇ આપ તણી,
શુળીના ઉપર સાલ હમોને નિર્લજતાથી કેમ ગણી ?
તમે કુળને કેમ જુઓ છો એમાં શું સારૂં દીઠું ?
હાથે કરી વિષ ગ્રહણ કરો છો છોડીને અમૃત મીઠું.
મિથ્યા અભિમાની કુળવાનો તમને જુતીઓ મારે છે,
સત્ય ધર્મને ન્યાય નિતિ તો તેઓ આગળ હારે છે.
જેમ તમારો દેહ તમોને એમ હમોને લાગે છે,
જેમ ઇંદ્રિઓ તમને સુખ દે એમ હમોથી માગે છે.
પત્થર ગણી કાદવમાં નાંખો જાન હમારી બગડેરે,
તેનાં છાંટા તમને ઉડે અંતરમાં ખુબ રગડેરે;
વિવાહ વેર અને પ્રીતિ રૂડી બરાબરીથી કરીએરે,
જન મનને સત સુખ થાય જેમ એ રીતી આદરીએરે;
જાણો છો એવુંજ તમે પણ બકરી થઇને બેઠારે,
જડસા કુળવાનોને ધાકે કારાગૃહમાં પેઠારે;
તમે વહુઓ દામ ખરચીને બીલડી જેવી લાવો છો,
ગૃહસ્થાશ્રમમાં થાયે ગડબડ તેમાં અમને તાવો છો.
અમે ઘરેણાં નહિજ ચાહીએ નહિજ ચાહિએ નાણુંરે,
પણ જ્યાં સુખી થઇએ એવાં ખોળોને ઠેકાણુંરે;
અથવા હક હમારા અમને આપો તો પણ મહેરબાની,
મન ગમતા વર વરી રહીએ પડે ન જીંદગીમાં હાનિ;
કુળવાનોની દીકરીઓ તો તમ ઘેરે ના આવેરે,
તેઓને પણ ચઢતા કુલીનો નીત નીત રીબાવેરે;
એ રીતે દીકરીઓ દુઃખની નદી વહે છે ભારીરે,
અરે દુષ્ટ ચંડાળો તમથી હમેજ સઘળા હારીરે;
સાચી વિદ્યા સહ સહૃ પૈસો સહૃ નીતિએ જ્યાં માન મળે,
અન્યોઅન્યે સર્વે સુખી સંપ વધે કુસંપ ટળે;
કુલીન કોને કહેવા તેનાં શાસ્ત્ર સહુ વિચારોરે,
હાડ માંહી નહિ લોહી માંસ પણ હું હું મા પોકારોરે;
કુડા કેર કરનારા જેઓ નાત પટેલો કહાવેરે
એજ અમારા કદ્દા શત્રુ ડાહ્યામાંહિ સુહાવેરે

એજ તમારી અંધાધુંધી સત્ય જુઠ નથી જોનારે
જુઓ છો તો બકરી થઇને ખુણા પાછળ રોતારે.
બહાર સિંહ સરીખા દિસો ઘરમાં સ્ત્રીના ગોલારે
જંગલી સત્તા આપી તેને થઇ રહ્યા છો ભોળારે
હા હા આ શો અનરથ કુડો સ્ત્રીઓને રીબાવેરે
કળિ મહાતમજ જાણી સરવે ટકટક ઘાસજ ખાવે રે
કરજોડીને કહીએ છીએ કોઇ કેદીબંધ છોડાવોરે
બીગાડેલી નારી જાતને માણસાઇમાં લાવોરે.
જ્યાં સુધી એ જોયા કરશો ખાસો તોજ બગાસાંરે
શૂરવીર થઇને ખડા થશો તો તોડી દેશો તાળાંરે.

ઉપર મુજબ હજારો અબળાઓ દરેક ન્યાતિમાં એ મિથ્યાકુળાભીમાન અને વાંકડા પદ્ધતિના જાલમ કુરિવાજને લીધે દરરોજ ગરમ આંસુઓ પાડી રહી છે. જેને માટે હમારા હૃદયમાં લેશ પણ દયાની લાગણી ઉમજ થતી નથી. હમારૂં પાષાણ જેવું હૃદય પણ સહજ પીગળતું નથી. આવી રીતે આપણી નિર્દોષ બાળીકાઓને માટે એ મિથ્યાકુળાભિમાન અને વાંકડા પદ્ધતિએ દુ:ખગ્નિની ભઠ્ઠી તૈયાર કર્યા બાદ બીજા કેવા કેવા અનર્થ કુળઘાતક રીવાજોને જન્મ આપ્યો છે, તેના તરફ જરા નજર કરીએ.

ઉપર મુજબ મિથ્યાકુળાભિમાનીઓને ઉચ્ચ માનીને જનસાધારણ પોતાની કન્યા અને વાંકડો આપવા લાગ્યા, જેને પરિણામે દરેક ન્યાતિમાં ઉત્તમ, મધ્યમ, અને, કનિષ્ટ એવા ત્રણ વર્ગ પડયા અને એ ત્રણમાં દરેકમાં ત્રણ ત્રણ એમ નવ પેટા વર્ગ બારીક નજરે જોતાં માલૂમ પડે છે. પ્રથમ વર્ગ શ્રેષ્ટ કુલીન ગણાઇ બાકીના તે પછી ક્રમ પૂર્વક ઉતરતા ઓછા કુલીન ગણાવા લાગ્યા, જેથી અંતીમ–છેલ્લો વર્ગ તદન કનિષ્ટ વર્ગમાં ગણાયો. એ પ્રત્યેક વર્ગ ક્રમપૂર્વક એક બીજાને ચડતા ગણી કન્યા અને વાંકડો આપવાનું ચાલૂ રાખ્યું. એ પ્રમાણે કન્યા અને પૈસા ઉપર જાય પણ નીચે આવે નહિ. લેવાનો વહેવાર ખરો પણ આપવાનો નાહ, જેથી કનીષ્ટ ગણાતા વર્ગમાં કન્યાની ખોટ પડવા માંડી, તે ખોટ એટલે સુધી પડી કે ઉતરતા ગણાતા વર્ગનાં બારણાં બંધ થવાનો એટલે વંશ નિર્મૂળ થવાનો વખત આવ્યો.

જે કુવામાંથી પાણી હમેશ ઉપર ખેંચાતું હતું તે કુવાનું તળીઉં સૂકાઇ ગયું; પરંતુ ખેંચનાર વર્ગે નવું પાણી આવે છે કે કેમ ? કુવો

સુકાઇ જશે તો આપણા બગીચાની શી દશા થશે? તેનો વિચાર કર્યો નહિ. અગર અંદર યાંત્રીક બોરીંગ મૂકી પાતાળપાણીનો ઝરો ઉત્પન્ન કરવાની તજવીજ કરી નહિ, જેને પરિણામે કુવો ખંડેર હાલતમાં આવી પડયો અને તે કુવામાં મીઠા પાણીને બદલે અનેક ઝેરી જંતુઓ ઉત્પન્ન થયા. એટલે કે કન્યાની ખોટ પડવાને લીધે કનીષ્ટ વર્ગમાં આસુરલગ્ન એટલે કન્યાવિક્રય અને સાટાં જેવા ધર્મશાસ્ત્ર વિરૂદ્ધ ભ્રષ્ટ કુચાલનો જન્મ થયો.

આજે ભૂગોળના નકશામાં જેમ આપણી નામદાર બ્રીટીશ સરકારના મહારાજ્યની સરહદની લાલ લીટી ભાન કરાવી રહી છે તેવીજ રીતે એ મહાભ્રષ્ટ રીવાજની કાળી લીટી આર્ય મહાજનની અધોગતીનું ભાન કરાવી રહી છે. યથાર્થ રીતે કહીએ તો એ સઘળા કુરિવાજોનો જવાબદાર એ કહેવાતો કુલીન વર્ગ અને વાંકડા પદ્ધતી છે કે, જે વર્ગને કન્યા આપી પૂજ્ય માની તેઓનાં બારણાં ઉઘાડાં રાખ્યા તેજ કનિષ્ટ વર્ગને રંજાડવાને કહેવાતા કુલીનોએ કાંઇ બાકી રાખી નથી.

અહા! કેટલી શોકની વાત છે કે ભવિષ્યમાં જે જુવાન બળદ હળ ખેંચવાનો તેને કુસ્કાંનો ટોપલો માંડી ગધેડાને દ્રાક્ષના માંડવા ચરાવ્યા! જે સુશોભિત તરૂણ વાછરડા સાંઆમે જોડાવાના તેને ખજુરીઆ શણના દોર અને ગધેડાને રેશમના દોરમાં સુવર્ણના પડછીઆ નંખાવ્યા. અને આવી રીતે લાડ લડાવવા છતાં તે ગધેડાઓ લાત મારી રહ્યા છે એટલે કે અધમ હાલતમાં આવી પડેલા પોતાને પોશનાર વર્ગને અકુલીન, નીચ, બાડેલા–ધામટ વિગેરે વિશેષણોથી તિરસ્કાર કરી રહ્યા છે! આવી રીતે કહેવાતા કુલીનોના પ્રત્યક્ષ અન્યાયના સબંધમાં પોતે મોટો અન્યાયી છે એમ જ્યારે કહેવામાં આવે ત્યારે પોતાનો દોષ કબુલ કરવાને બદલે તેઓ તરફથી ઉત્તર આપવામાં આવે છે કે "લાઠી તેની ભેંસ." "બળવાન નિર્બળને ખાઇ જાય" એ નિયમ દ્વારા હમો હમારા સ્વાર્થને માટે બીજાને ગમે તેમ કરીએ તેમાં કોઇને વચ્ચે આવવાનો અગર હમારાં તેવાં અન્યાયી કાર્ય માટે ઠપકો આપવાનો અધિકાર નથી." તેના ઉતરમાં એટલુંજ જણાવીશું કે ત્યારે ક્રૂર હીંસક પ્રાણીમાં અને બુદ્ધીમાન ગણાતા મનુષ્યમાં કાંઇ તફાવત રહી શકતો નથી.

मित्रस्व चक्षुषा सर्वाणि भूतानि समिक्षन्ताम् અર્થાત્ મનુષ્યે પ્રાણી માત્ર તરફ મિત્રદૃષ્ટિથી જોવાનો, મોટાએ નાનાનું રક્ષણ કરવાનો પવિત્ર વૈદીક નિયમ કયાં રહયો? શું પરમાત્માએ નિર્બળને કચરી નાંખવા મોટાઇ આપી છે કે? નહિજ.

મોટાની મોટાઇ ત્યારેજ યોગ્ય ગણી શકાય કે નાનાનું સારી રીતે રક્ષણ કરી શકે, પરંતુ રક્ષણ કરવાને બદલે ઉપર મુજબ ભક્ષણ કરવાનું ચાલુ રાખ્યું, જેથી ઉતરતા વર્ગમાં કન્યાની અછત કાયમ રહી. જેથી આસુરલગ્ન–સાટાં વિગેરે કુરિવાજો દાખલ થયા. બાદ તેવા કનિષ્ટ

ગણાતા વર્ગ સિવાય તેનાથી ઉપરના વર્ગમાં પણ છોકરીઓ માટેનો દુષ્કાળ ચાલુ રહ્યો. જેથી દશ દશ પંદર પંદર કે તેથી વધારે ગામના લોકોએ પોતાને અનુકુળ આવે તે મૂજબ એકત્ર મળીને બંદોબસ્ત કરી ઉપર જતી કન્યા બંધ કરી પોતપોતાના અલગ અલગ વગા કરી તેમાંજ પોતાનો વ્યવહાર ચલાવવા લાગ્યા; ઉદાહરણ તરિકે "અનાવીલ ન્યાતિમાં સુદ્ધર્મ સમાજના ધારા, વલસાડ તરફના ૧૭ અને ૯ ગામના ધારા, મોઢ બ્રાહ્મણોમાં આચાર્ય વર્ગના ધારા, ઔદીચ બ્રાહ્મણોમાં પાલનપુરના બાર ગામનો બંદોબસ્ત, ચીખલી, ગડત વિગેરે પાંચ ગામનો બંદોબસ્ત વિગેરે વિગેરે પ્રકારનાં અનેક ટોળાં દીન ઉગે પડતાં ગયાં અને હજી પડે જાય છે. આ સ્થિતિ સમગ્ર દેશની છે. પ્રાચીન કાળની સાગર રૂપ ક્યાં ચાર વર્ણ અને ક્યાં આજે ઉપર મૂજબ સડેલા પાણી અને કીચડથી ભરેલાં ખાબોચીઆં આ ખાબોચીયાં અનેક પ્રકારના નઠારા રિવાજોરૂપી દુર્ગંધ ફેલાવી તે મહાન આર્ય જાતિનો ક્ષય કરી રહ્યાં છે.

સદ્ ગૃહસ્થો ઉપર જણાવેલા તમામ પ્રકારના ભ્રષ્ટ રિવાજોને વૈદીક ધર્મથી વિપરીત કુરૂઢીઓનો ઉચ્છેદ કરીને પતીત હાલતમાં આવી પડેલી આર્ય જાતિની ઓલાદને વૈદીક ધર્મના પવિત્ર માર્ગ ઉપર લાવવાને માટે અને તે દ્વારા તેની પ્રાચીન કાળની જાહોજલાલી પ્રાપ્ત કરાવવાને ખાતર પરમપદારૂઢ મહર્ષી સ્વામી દયાનંદજીએ ભારતવર્ષમાં આર્યસમાજની સ્થાપના કરી છે, કે જે આર્યસમાજ આજે નીડરતાથી વૈદીક ધર્મની પ્રાચીન ઉત્તમ રીતીઓ પ્રચલીત્ કરે જાય છે.

હમને જણાવવાને ઘણો આનંદ થાય છે કે આજના આ મંગળ સમયના કારણ રૂપ મહાશય દયાલજીભાઇ લલ્લુભાઇ મહેતા તેજ વૈદીક ધર્મના અનુયાયી છે. પોતાથી બની શકે ત્યાં સુધી તે પવિત્ર નિયમોને વ્યવહારમાં મૂકવાને તેઓ આજ સુધી કટીબદ્ધ રહ્યા છે. પોતાના સંતાનોને કાંગડી ગુરૂકુલ અને જાલંધર કન્યામહાવિદ્યાલય જેવા આખા ભારત વર્ષમાં આદર્શરૂપ ગણાતાં વિદ્યાલયોમાં બ્રહ્મચર્યદીક્ષા આપી ઉચ્ચ શિક્ષાની પ્રાપ્ત માટે મૂકેલાં છે. પોતાના ઉપર અનેક પ્રસંગે અનેક પ્રકારની મુસીબતો બેસમજ લોકો તરફથી વીનાડવામાં આવી છતાં પોતે તેને નિડરતાથી સહન કરી સામાજીક સિદ્ધાંતને અનુકુલ વર્તન કાયમ રાખવામાં પાછી પાની કરી નથી પોતે વૈદીક ધર્માભીમાની હોવા સાથે અંગ્રેજી કેળવણીથી પણ ભૂષીત છે. અને આપણા સુરત વિભાગમાં પોતાનાથી બની શકે તેવો ધર્મપ્રચાર કરવામાં હમેશ કટીબદ્ધ રહે છે. એવા એક ધર્મનિષ્ઠ અને સંસારસુધારક સજ્જન ગૃહસ્થના સુયોગ્ય પુત્ર જોડે આપણ સર્વને અત્યારે આમંત્રીત કરી આ સુશોભીત મંડપમાં માન આપનાર તરૂણ

મહાશય ગુલાબભાઈ ડાહ્યાભાઇ અને તેમનાં કેળવાયલાં માતુશ્રી કાશી બહેને પોતાની સુયોગ્ય ભગીની અને પુત્રીનો લગ્નસંબંધ યોજી ગાઢ સ્નેહી તરિકે આજથી બંધાવાનો નિશ્ચય કર્યો તે માટે આપણે તેઓને ધન્યવાદ આપવો જોઇએ. ધર્મપ્રેમી કાશીબહેન પણ વૈદીક સીદ્ધાંતનાં દઢ હીમાયતી છે. વર્ત્તમાન હાનીકારક રિવાજોને આધીન ન થતાં એઓએ શાસ્ત્રીય કુલીનતા મૂજબ મહાશય દયાળજીના કુટુમ્બને પસંદ કરવામાં અને મહાશય દયાળજીભાઇ પણ વાંકડા પદ્ધતિ વિગેરે કુચાલોના લોભમાં ન પડતાં આ સગપણનો સ્વીકાર કરવામાં જે બુદ્ધીમતા વાપરી છે તે આદર્શરૂપ અને પ્રશંસાને પાત્ર છે. "કહેવા કરતાં કરી બતાવવું એ વધારે સારૂ" એ સુત્રનો જેવી રીતે મહાશય દયાળજીભાઇ અત્યાર સૂધી પોતાના ઉપર અમલ કરતા રહ્યા છે તેવીજ રીતે સુજ્ઞ કાશી બહેને પણ પોતે અબળા હોવા છતાં એક સબળા થઇને લોકાપવાદને ન ગણતાં યથાર્થ ધર્મમર્યાદાને માન આપ્યું છે.

જ્યાં સૂધી માતાઓ અને ભગીનીઓ ધર્મ અને સંસારસુધારાનું કાર્ય હાથમાં નહિ લેશે ત્યાં સૂધી દરેક સુધારો સંગીન રૂપ ધારણ કરશે નહિ. આપણને અત્યંત આનંદ થય છે કે સુજ્ઞકાશી બહેને આ સ્તુત્ય કાર્ય કરવામાં પોતાનો સ્વાર્થજ નહિ પરંતુ જનસમાજ ઉપર પરોપકારનો ધડો બેસાડયો છે. પરમકૃપાળુ પરમાત્મા ઉભય સંબંધીનો ઉત્સાહ નિરંતર કાયમ રાખે અને અત્યારે હવે પછી આપણી સન્મૂખ વર વધુનો વૈદીક નિયમાનુકુલ વિવાહસંસ્કાર શરૂ થાય તે પછી આપણે એ જોડાને આશીર્વાદ આપી તે મહાન પિતાની પ્રાર્થના-શાંતીપાઠ કરીને છુટા પડીએ ત્યાં સૂધી અત્રે બીરાજીત રહેશો એવી અંતીમ્ ઇચ્છા સાથે હું હવે મારૂં કામ સમાપ્ત કરતા પહેલાં અત્યાર સૂધીના મારી અલ્પ બુદ્ધીથી થએલા કથનમાં આપને અયોગ્ય લાગે એવા કોઇપણ અયોગ્ય ઉદ્ગાર નીકળ્યા હોય તો તે માટે ક્ષમા ચાહી રજા લઉં છું. ઇાત શમ્.

તા૦ ૨૦-૧-૧૯૧૫

લી૦ સુરત આર્યમિત્ર મંડળના પ્રથમ
લગ્ન વેળાએ વરયાત્રાને સ્વાગત કરનાર
મંડળીના મત્રી કુંવરજી મકનજી.

પ્રસિદ્ધ કરનાર ગુલાબભાઈ ડાહ્યાભાઇ
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું કછોલી તા. જલાલપોર.
છાપનાર મટુભાઇ ભાઇદાસ.
છાપવાનું ઠેકાણું ધી સુરત જૈન પ્રેસ ખપાટીઆ ચકલા સુરત.